

પોતાના સ્વભાવની મહિમા ચૂકીને પરદ્રવ્ય કે પરભાવમાં ક્યાંય પણ જરાય માહાંત્મ્ય આવશે ત્યાં સુધી માહાત્મ્યવાળો નિજ આત્મા હાથ નહિ આવે.

*—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી*

કહાન સં. ૨૪ સં. ૨૦૬૧ [૭૩૬] * આત્મધર્મ * [ અંક-૮ વર્ષ-૬૧ ] વીર સં. ૨૫૩૧ ફેબ્રુઆરી-૨૦૦૫

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

❀ જેમ જ્ઞેય પદાર્થોના જ્ઞાનની સિદ્ધિને માટે (-ઘટપટાદિ પદાર્થોને જોવા માટે જ) દીવામાં તેલ પૂરવામાં આવે છે અને દીવાને ખસેડવામાં આવે છે તેમ, શ્રમણ શુદ્ધ આત્મતત્ત્વની ઉપલબ્ધિની સિદ્ધિને માટે (-શુદ્ધાત્માને પ્રાપ્ત કરવા માટે જ) તે શરીરને ખવડાવતો અને ચલાવતો હોવાથી યુક્તાહારવિહારી હોય છે. ૮૬૨.

*(શ્રી અમૃતચંદ્રાચાર્ય, પ્રવચનસાર-ટીકા, ગાથા- ૨૨૬)*

❀ જે પુદ્‌ગલ વર્તમાનકાળમાં શુભ દેખાય છે તે જ પુદ્‌ગલ પૂર્વે અનંત ભવમાં દુઃખ દેવાવાળા અશુભપણે પરિણમ્યા હતાં અને જે પુદ્‌ગલ વર્તમાનકાળમાં અશુભ દેખાય છે તે જ પૂર્વે અનંતવાર સુખકારી થયાં હતાં. સર્વ પ્રકારના પુદ્‌ગલદ્રવ્ય અનંતવાર આહાર-શરીર-ઇન્દ્રિયરૂપ પરિણમ્યા થકાં તે સર્વને અનંતવાર ભોગવ્યા અને ત્યાગ કર્યો, એવા સર્વ પુદ્‌ગલના ગ્રહણ-ત્યાગમાં શું આશ્ચર્ય છે? ૮૬૩.

*(શ્રી શિવકોટિ આચાર્ય, ભગવતી આરાધના, ગાથા- ૧૪૧૬-૧૭)*

❀ ભાઈ! તારી આ બધી પ્રવૃત્તિ મને તો રેતીમાં તેલ શોધવા જેવી અથવા વિષ પ્રાશન કરી (-ખાઈને) જીવન વૃદ્ધિ કરવાની ઇચ્છા જેવી વિચિત્ર અને ઉન્મત્ત લાગે છે. ભાઈ! આશારૂપ ગ્રહ (ભૂત)નો નિગ્રહ કરવામાં જ સુખ છે. તૃષ્ણાથી કોઈ કાળે કે કોઈ ક્ષેત્રમાં સુખ નથી. એ ટૂંકુ પણ મહદ્ સૂત્ર શું તને નથી સમજાતું?—કે આ વ્યર્થ પરિશ્રમ (—પ્રવૃત્તિ) તું કરી રહ્યો છે! ૮૬૪. *(શ્રી ગુણભદ્રાચાર્ય, આત્માનુશાસન, ગાથા- ૪૨)*

❀ ઐસા કોઈ શરીર નહીં જો ઇસને ન ધારણ કિયા હો, ઐસા કોઈ ક્ષેત્ર નહીં હૈ કિ જહાં ન ઉત્પન્ન હુઆ હો ઔર ન મરણ કિયા હો, ઐસા કોઈ કાલ નહીં હૈ કિ જિસમેં ઇસને જન્મ-મરણ ન કિયે હોં, ઐસા કોઈ ભવ નહિ જો ઇસને પાયા ન હો, ઔર ઐસે અશુદ્ધ ભાવ નહીં હૈ જો ઇસકે ન હુએ હો. ઇસ તરહ અનંત પરાવર્તન ઇસને કિયે હૈં. ૮૬૫. *(શ્રી યોગીન્દુદેવ, પરમાત્મપ્રકાશ, અધિ- ૧, ગાથા- ૭૭)*

❀ જિન તીર્થંકરોંકે ચરણોંકો ઇન્દ્ર ચક્રવર્તી આદિ લોકશિરોમણિ પુરુષ અપની કાંતિરૂપી જલસે ધોતે હૈં, જો લોક અલોકકો દેખનેવાલે ઐસે કેવલજ્ઞાનરૂપી રાજ્યલક્ષ્મીકે ધારી હૈ, ઐસે તીર્થંકર ભી આયુકર્મકે સમાપ્ત હોને પર ઇસ શરીરકો છોડકર મોક્ષકો ચલે જાતે હૈં, તો ફિર અન્ય અલ્પાયુ ધારી માનવોંકે જીવનકા ક્યા ભરોંસા? ૮૬૬.

*(શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, શ્લોક- ૩૦૦)*

કહાન
સંવત-૨૫
વર્ષ-૬૧
અંક-૮
[૭૩૬]




વીર
સંવત
૨૫૩૧
સં. ૨૫૬૧
February
A.D. 2005

આત્મધર્મ

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# આત્મજ્ઞાન વિના ભવનો અંત નથી

(શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં-૧૨૮)

આ, શ્રી પરમાત્મપ્રકાશ નામનું અધ્યાત્મશાસ્ત્ર છે. આજથી ૯૦૦ વર્ષ પહેલાં એક યોગીન્દુદેવ નામના દિગંબર મુનિ થઈ ગયા. તેમણે વનમાં આ શાસ્ત્રની રચના કરી છે. જેમ સંવત ૪૯માં કુંદકુંદઆચાર્ય થઈ ગયા કે જે સાક્ષાત્ સીમંધરભગવાન પાસે મહાવિદેહક્ષેત્ર ગયા હતા અને ત્યાં આઠ દિવસ રહ્યા હતા. ત્યાંથી આવીને તેમણે સમયસારાદિ શાસ્ત્ર બનાવ્યા હતાં તેમ, યોગીન્દુદેવે પરમાત્મપ્રકાશ, યોગસાર આદિ શાસ્ત્રની રચના તાડપત્ર ઉપર કરી હતી. તે આ શાસ્ત્રના બીજા અધિકારની ૮૪ ગાથા ચાલે છે કે સ્વસંવેદન જ્ઞાન વિના શાસ્ત્રોના ભણેલાં પણ મૂર્ખ છે.

ચોરાશી લાખ યોનિમાં પરિભ્રમણ કરતાં પ્રત્યેક જીવે એક એક ભવ અનંતવાર કર્યાં છે. કેમકે આત્મા તો અનાદિનો છે ને! નવો નથી. આત્મા છે....છે....છે. પણ આત્માના ભાન વિના આ જીવે શુભાશુભભાવ અનંતવાર કર્યાં તેના જ ફળમાં તેને ચારગતિમાં રખડવું પડ્યું છે.

અહીં કહે છે કે કોઈ જીવે ભલે બધાં શાસ્ત્રો ભણે, મંદ કષાયરૂપ ક્રિયા કરે પણ જ્ઞાનાનંદ આત્માનું વેદન ન કરે ત્યાં સુધી તેની મુક્તિ થતી નથી. 'ચેતનરૂપ અનૂપ, અમૂરત, સિદ્ધ સમાન સદા પદ મેરો' એવું નિજપદ જે શાંતરસ અને અનાકુળ આનંદથી ભરેલું છે તેનું વેદન કર્યાં વિના ધર્મ થતો નથી તો મુક્તિ તો ક્યાંથી થાય? છઢાળામાં પણ આવે છે

ને! 'મુનિવ્રતધાર અનંતબૈર ગ્રૈવેઈક ઉપજાયો, પૈ નિજ આતમજ્ઞાન બિના સુખ લેશ ન પાયો.'

સર્વજ્ઞ પરમેશ્વરે આત્માને પવિત્ર આનંદ અને જ્ઞાનની મૂર્તિરૂપ જોયો છે. શરીર, વાણી, મન તો જડ-માટી-ધૂળ છે અને શુભાશુભભાવ થાય છે તે આસ્રવતત્ત્વ છે. આ જડ અને આસ્રવતત્ત્વથી ભિન્ન જ્ઞાનમૂર્તિનો અંતરમુખ થઈને અનુભવ ન થાય ત્યાં સુધી ધર્મ થતો નથી. ભલે શાસ્ત્રો થોડાં જ ભણ્યો હોય પણ વીતરાગ સ્વસંવેદનજ્ઞાન પ્રગટ કર્યું છે અને તેમાં એકાગ્રતા કરે છે તે જીવ મુક્ત થઈ જાય છે. હું આત્મા છું, અતીન્દ્રિય આનંદનો કંદ છું. જેમ લીંડીપીપરને ઘૂંટતાં ઘૂંટતાં તેમાંથી ૬૪ પોરી તીખાશ પ્રગટ થાય છે તે તેમાં છે તો પ્રગટ થાય છે ને! પથ્થર ને ઘસો તો તેમાંથી તીખાશ નહિ પ્રગટે કેમકે, તેમાં તીખાશ છે જ નહિ. પ્રાપ્તની પ્રાપ્તિ થાય છે, જેમાં જે ન હોય તેમાંથી એ પ્રાપ્ત થતું નથી. તેમ, આ દેહદેવાલયમાં ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદથી ભરપૂર ભરેલો છે તો તેમાં એકાગ્રતાથી પર્યાયમાં આનંદની પ્રાપ્તિ થાય છે. તેનાથી મુક્તિની પ્રાપ્તિ થાય છે. માટે કહ્યું કે પરમાત્મજ્ઞાનના ઉત્પન્ન કરવાવાળા નાના, થોડા શાસ્ત્રોને પણ જાણીને વીતરાગ સ્વસંવેદનજ્ઞાનની ભાવના કરે છે તે મુક્ત થઈ જાય છે.

આવું જ કથન ગ્રંથોમાં દરેક જગ્યાએ કહ્યું છે કે વૈરાગ્યમાં લાગેલાં જે મોહશત્રુને જીતવાવાળા છે તેઓ થોડા જ શાસ્ત્રો વાંચીને સુધરી જાય છે-મુક્ત થઈ જાય છે અને વૈરાગ્ય વિના બધાં શાસ્ત્રો ભણવા છતાં મુક્તિ પામતાં નથી.

આઠ વર્ષની બાલિકા હો, બહુ થોડા શાસ્ત્રો વાંચ્યા હો પણ રાગથી ખસીને, સ્વભાવમાં એકાગ્રતા કરીને શાંતિનું વેદન કરે તો તેને શરૂઆત થઈ જાય છે પણ આવા આત્માના જ્ઞાન વિના લાખો શાસ્ત્રો વાંચે, દયા, દાન, વ્રત, ભક્તિ, યાત્રા આદિ કરે તો તેને શુભબંધ તો થશે પણ સંવર-નિર્જરા નહિ થાય. આગળ ૮૫ ગાથામાં એ જ વાત કરશે. અશુભથી બચવા આવા શુભભાવ હોય છે પણ તેનાથી ધર્મ થશે એમ કોઈ માની લે તો તે મૂર્ખ છે.

શ્રોતા :—શુભભાવથી પરંપરાએ તો મોક્ષ થાય ને!

પૂજ્ય ગુરુદેવશ્રી :—ના. શાંતિથી શાંતિ મળે. નિર્વિકલ્પ દૃષ્ટિથી નિર્વિકલ્પ શાંતિ મળે છે. રાગ કરવાથી અરાગી નિર્વિકલ્પ શાંતિ મળતી નથી.

વૈરાગ એટલે હું તો શુદ્ધ આત્મા છું, આ વિકાર આદિ કે શરીર આદિ હું નથી એમ, પરથી અને રાગથી ખસીને સ્વભાવમાં એકાગ્ર થાય છે તે વૈરાગ વડે મોહશત્રુને જીતી

લે છે. ભલે શાસ્ત્રો બહુ ભણ્યો નથી પણ રાગની એકતાથી છુટીને સ્વભાવમાં એકતા કરે છે તો તે જરૂર સુધરી જાય છે—તેનું આત્મકલ્યાણ થાય છે.

મુનિરાજ વનમાં તાડપત્ર ઉપર શાસ્ત્ર લખીને ચાલ્યા જાય છે. આ શાસ્ત્ર રચનાનું (જડની ક્રિયાનું) કાર્ય અમારું નથી, વિકલ્પ ઉઠ્યો તે પણ અમારું કાર્ય નથી....એટલા નિરાળા હોય છે. અમે તો આત્મા છીએ.....

અનંતકાળથી પરિભ્રમણ કરતાં આ જીવે એક સમયમાત્ર પણ સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યું નથી. શુભભાવ કર્યા તેના ફળમાં દેવમાં અથવા શેઠિયાના ઘરે જન્મ લીધો. જો કે શેઠિયો તો કહેવાય પણ ખરેખર કોઈ શેઠિયો નથી. આત્મામાં જે અતીન્દ્રિય જ્ઞાન, આનંદ અને શાંતિ રહેલી છે તેના અનુભવ વિના કોઈને ધર્મ થતો નથી. ધર્મ વિના કોઈ સુખી નથી. ભલે તે શેઠિયો કહેવાતો હોય તોપણ સુખી નથી.

સમ્યગ્દર્શનમાં તો અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે છે અને મુનિપણામાં તો અતીન્દ્રિય આનંદનો ઉગ્ર સ્વાદ આવે છે તેને ચારિત્ર અને મુનિપણું કહેવાય છે. અહીં તો હજી સમ્યગ્દર્શનની વાત કરે છે કે આત્માની દૃષ્ટિ અને અનુભવ વિના શાસ્ત્રો ભણે તો પુણ્યબંધ તો થાય પણ તેને ધર્મ કે મુક્તિ ન થાય. અહીં 'વૈરાગ્ય' કેમ લીધો છે કે શુભભાવથી ખસવું તે જ વૈરાગ્ય છે એમ કુંદકુંદઆચાર્યે પુણ્ય-પાપ અધિકારમાં કહ્યું છે. કુંદકુંદઆચાર્ય મદ્રાસથી ૮૦ માઈલ દૂર વંદેવાસ ગામ છે ત્યાંથી ૫ માઈલ જતાં 'પોન્નુરહીલ' છે—અમે બે વાર ત્યાં યાત્રાએ ગયા હતાં, સાથે હજાર માણસ હતા—આ પોન્નુરહીલ ઉપર કુંદકુંદઆચાર્ય મહારાજ ધ્યાનમાં રહેતાં હતાં. આત્મધ્યાનમાં મસ્ત રહેતાં રહેતાં એકવાર અંતરમાં સમવસરણનું ચિંતવન કરતાં કરતાં એમ વિચાર આવ્યો કે 'અહો! ભરતક્ષેત્રમાં અમને ત્રણલોકના નાથનો વિરહ થયો છે, અમને તીર્થંકરનો યોગ નથી એમ કરીને ત્યાંથી જ મહાવિદેહમાં બિરાજમાન ભગવાનને વંદન કર્યાં. ત્યાં ભગવાનની ઓમધ્વનિમાં सदधर्मवृद्धिरस्तु ના આશીર્વાદ આવ્યા. પછી તો આચાર્યના પૂર્વભવના મિત્ર દેવ આવીને તેમને મહાવિદેહ લઈ ગયાં. ત્યાંથી આવીને પોન્નુરહીલમાં આ સમયસારાદિ શાસ્ત્રોની રચના આચાર્યદેવે કરી છે. આ કુંદકુંદઆચાર્યની પરંપરામાં જે કોઈ સંતો થયા તેણે સમયસારમાંથી બીજડાં લઈને શાસ્ત્રોની રચના કરી છે.

યોગીન્દુદેવ પણ સમયસારમાં આવેલી વાત જ કહે છે કે આત્મા જ્યાં સુધી સ્વસંવેદન જ્ઞાન ન કરે ત્યાં સુધી મુક્તિ થતી નથી અને વૈરાગ્ય વિના સમ્યગ્જ્ઞાન પણ થતું

નથી. એ વૈરાગ્ય એટલે તેમાં શરીર, વાણી, મનની તો ઉપેક્ષા કરે પણ અંતરમાં શુભ અને અશુભભાવ ઉઠે છે તેની પણ ઉપેક્ષા કરી દેવી, રુચિ છોડવી તેનું નામ ભગવાન 'વૈરાગ્ય' કહે છે. સમયસારની ૧૫૦ મી ગાથામાં કુંદકુંદઆચાર્ય કહે છે કે 'શુભાશુભ રાગથી જીવ બંધાય છે અને વૈરાગ્યથી જીવ મુકાય છે' એવો પરમેશ્વર જિન વીતરાગદેવનો ઉપદેશ છે. માટે શુભાશુભભાવ હો તો ભલે હો પણ તેમાં રાચ નહિ! રુચિ ન કર!

આગમનું આ વચન છે કે રાગીપણાનો કોઈપણ ભાવ હો–બધાં બંધન છે. આત્મા–અરૂપી આનંદની શિલા અંદર પડી છે એ અરૂપીના રૂપનું અર્થાત્ સ્વરૂપનું લક્ષ કરવું અને શુભાશુભ રાગની રુચિ છોડવી તેનું નામ વૈરાગ્ય કહેવાય છે. જેમ જડ એક પદાર્થ છે તેમ અરૂપી પણ, આત્મા એક પદાર્થ છે. દેહમાં બિરાજમાન અરૂપી ચિદ્ઘન ભગવાન આત્મા પરમાત્મ સ્વરૂપ જ છે.

અરે આત્મા! અનંતકાળમાં એક ક્ષણ પણ તેં વૈરાગ્ય ન કર્યો. ઘર–બાર–કપડાં છોડીને વનમાં નીકળી જવું તે વૈરાગ્ય નથી. રાગની રુચિ છોડીને સ્વભાવની રુચિ કરવી તેને ભગવાન વૈરાગ્ય કહે છે. વૈ+રાગનો શબ્દાર્થ પણ એ જ થાય છે કે 'રાગથી રહિતપણું' શુભાશુભભાવ ઉત્પન્ન થાય છે તે તો રાગ છે તેની રુચિ આડે જીવે આત્માનો પ્રેમ કદી કર્યો જ નથી. જન્મ–મરણનો અંત લાવવાની વાત એણે કદી સાંભળી નથી.

શુભભાવથી પુણ્યબંધ થાય એ અને અશુભભાવથી પાપબંધ થાય છે. તે બંને ભાવની નાસ્તિ કરીને પૂર્ણાનંદ સ્વભાવની અસ્તિ કરવી તે વૈરાગ્ય છે. અંતરમુખ થઈને પૂર્ણ શુદ્ધ, અખંડ વસ્તુની પ્રતીતિ કરતાં પોતાની સત્તાનો સ્વીકાર થાય છે, તે સત્તાનો પ્રેમ કરવો અને રાગની રુચિ છોડવી. શુભભાવ ઠીક છે અને અશુભભાવ અઠીક છે એમ માને છે તેને રાગથી વૈરાગ્ય નથી. આવી વાત કુંદકુંદઆચાર્ય આદિ સર્વ દિગંબર સંતો કરતાં જ આવ્યા છે. અનાદિથી સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકીનાથની વાણીમાં જે વાત આવે છે તે જ વાત સંતો કહે છે.

તેમાં અહીં યોગીન્દુદેવ કહે છે કે વૈરાગ્ય વિના સર્વ શાસ્ત્ર ભણવા છતાં મુક્તિ થતી નથી અર્થાત્ ધર્મ થતો નથી. આ વાત નક્કી સમજવી પણ આ કથન અપેક્ષાથી છે તેને નહિ સમજીને, શાસ્ત્ર ભણવાનો અભ્યાસ છોડી ન દેવો. શાસ્ત્ર ભણવા છતાં અંતરદૃષ્ટિ ન કરે તો તેને શાસ્ત્ર ભણવાનું કાંઈ ફળ ન આવ્યું એમ કહેવાનું તાત્પર્ય છે. માટે શાસ્ત્ર ભણવાનું છોડી દેવાની વાત નથી. અંતર અનુભવ તો હોય નહીં અને શાસ્ત્ર ભણવાનું પણ છોડી દેશે તે તો પાપભાવમાં ચાલ્યો જશે.

વળી, આ વાંચીને કોઈ વિશેષ શાસ્ત્રના પાઠી છે તેને દૂષણ ન દેવું. કોઈ સમ્યગ્જ્ઞાની સમ્યગ્દૃષ્ટિવંત જીવ વિશેષ શાસ્ત્ર ભણ્યાં હોય તો તેમાં કાંઈ દોષ નથી. પણ જે, શાસ્ત્રના અક્ષર તો બતાવી રહ્યાં છે કે આ શાસ્ત્રમાં આમ લખ્યું છે, પહેલાં શાસ્ત્રમાં આ લખ્યું છે એમ શાસ્ત્રના શબ્દો બતાવે છે પણ આત્મામાં ચિત્ત લગાવતાં નથી, આનંદકંદ ભગવાનની દૃષ્ટિ કરતાં નથી તે તો એવા જાણવા કે દાણા વિનાના ફોતરાંનો ઢગલો તેણે કરી લીધો છે. દયા, દાન પણ કરે, શાસ્ત્ર પણ ભણે પણ આત્મામાં ચિત્ત ન લગાવે તો શા કામનું? માત્ર ફોતરાંના ઢગલામાંથી દાણા ક્યાંથી નીકળે? દાણા વિના કસ ક્યાંથી મળે! તેમ, શરીર-વાણી-મન તો ફોતરાં જ છે પણ શુભાશુભ રાગ પણ ફોતરાં જ છે તેમાંથી ચૈતન્યનો કસ જે વીતરાગભાવ છે તે નીકળતો નથી.

આત્માના જ્ઞાન અને દર્શન વિના એના ભવનો અંત આવતો નથી માટે કહે છે કે ફોતરાંનો ઢગલો કાંઈ કામનો નથી.

ઈત્યાદિ પીઠિકામાત્ર સાંભળીને જે વિશેષ શાસ્ત્રજ્ઞ છે તેની નિંદા ન કરવી અને જે બહુશ્રુત છે તેણે અલ્પ શાસ્ત્રજ્ઞોની નિંદા ન કરવી જોઈએ કેમકે આત્માનું જ્ઞાન કરે તેને સર્વશાસ્ત્રોનું જ્ઞાન આવી જાય છે. 'એકને જાણે છે તે સર્વને જાણે છે' પશુયોનિમાં પણ આત્મજ્ઞાન થઈ જાય છે ને! ત્રિલોકમંડન હાથીની વાત આવે છે ને! તે સિવાય અઢીદ્વીપ બહાર અસંખ્ય દ્વીપ અને સમુદ્ર છે ત્યાં અસંખ્ય પશુ સમકિતી છે. સ્વયંભૂરમણ સમુદ્રમાં અસંખ્ય પશુ સમકિતી છે. તેનું જ્ઞાન સુજ્ઞાન છે. આત્માના જ્ઞાન વિના ચાહે વકીલનું જ્ઞાન હોય તે પણ કુજ્ઞાન છે. અહીં તો શાસ્ત્રના જ્ઞાનને પણ આત્માના જ્ઞાન વિના કુજ્ઞાન કહ્યું છે. અહીં તો સંસારના ડહાપણ ઉપર મીંડા મૂકાય છે. દિગંબર મુનિઓને સંસારની પરવા નથી. 'નાગા, બાદશાહથી આઘા.'

રે આત્મા! તું શાસ્ત્ર ભણ કે ક્રિયા કર પણ આત્માના જ્ઞાન વિના તારા જન્મ-મરણનો અંત નહિ આવે. રાગ કરતાં કરતાં વીતરાગતા કદી ન થાય. લસણ ખાતાં ખાતાં કસ્તૂરીનો ઓડકાર ન આવે તેમ રાગની ક્રિયામાં વીતરાગતાનું ફળ ન આવે પણ શું થાય? તેની બેદરકારીનો પાર નથી. અનંતકાળ એણે બેદરકારીમાં ગુમાવી દીધો છે. કદી આત્માની દરકાર જ કરી નથી.

આચાર્યદેવ સારાંશરૂપે કહે છે કે આ સાંભળીને કે વાંચીને રાગ-દ્વેષની ઉત્પત્તિ થાય તેમ ન કરવું. કેમકે પરના દોષ ગ્રહણ કરવાથી રાગ-દ્વેષની ઉત્પત્તિ થાય છે. તેનાથી જ્ઞાન અને તપનો નાશ થાય છે આ નિશ્ચય જાણવું. થોડા શાસ્ત્ર ભણો કે વિશેષ શાસ્ત્ર ભણો પણ

આત્માની દૃષ્ટિ અને વેદન કરો તો લાભ છે. તે સિવાય લાભ થતો નથી. આ ૮૪ ગાથા થઈ. ૮૫મા વિશેષ કઠણ વાત આવશે કેમકે આચાર્યદેવ દુનિયાને રાજી રાખે કે આગમને રાજી રાખે! આગમના રહસ્ય ખોલીને બતાવવા છે ત્યાં આચાર્યદેવ લોકોના બંધનમાં રહેતાં નથી. શાસ્ત્રકાર, ભગવાન આગમમાં આમ કહે છે એમ સત્ય વાત જ કરે છે.

શું કહે છે? કે વીતરાગ સ્વસંવેદન જ્ઞાનથી રહિત જીવોને તીર્થ ભ્રમણ કરવાથી પણ મોક્ષ નથી એમ ૮૫ ગાથામાં કહે છે. તીર્થ ભ્રમણ એ કાંઈ મુક્તિનું સાધન નથી. જો એ સાધન હોય તો તીર્થ ભ્રમણ પણ અનંતવાર કર્યું છે તો તેનાથી સાધનનું સાધ્ય કેમ ન થયું? કાલે કહ્યું હતું ને! યમ-નિયમ-સંયમ આપ કિયો, પુનિ ત્યાગ-વૈરાગ્ય અથાગ લહ્યો, વનવાસ રહ્યો, મુખ મૌન રહ્યો, દૃઢ આસન પદ્મ લગાય દિયો, જપ ભેદ જપે, તપ ત્યોંહી તપે, ઉરસે હી ઉદાસી લી સબપે, શબ શાસ્ત્રનકે નય ધારી હિયે, મત મંડન-ખંડન ભેદ લિયે....યહ સાધન બાર અનંત કિયો, તદપિ કછુ હાથ હજુ ન પર્યો. બિન સદ્ગુરુ કોઈ ન ભેદ લહે, મુખ આગલ હૈ કહ બાત કહે.

ભગવાન આત્મા વિકલ્પના સાધનથી પાર છે. જ્યાં સુધી વીતરાગ ન થાય ત્યાં સુધી શુભરાગ વચ્ચે આવે તો છે તેની ના નથી. પણ કોઈ એમ માની લે કે શુભરાગના સાધનથી મોક્ષનું સાધ્ય પ્રગટશે એ વાત નહિ બને. માટે, શુભરાગની રુચિ છોડવી, શુભભાવ ન છૂટે. શુભ-અશુભભાવની રુચિ છોડીને, આત્માનંદ મૂર્તિની રુચિ કરવી તે ધર્મની પ્રથમ સીડી છે પછી શુદ્ધોપયોગ થશે ત્યારે શુભભાવ છૂટશે.

છઢાળામાં ત્રીજી ઢાળની ૧૭ ગાથામાં દૌલતરામજી કહે છે—

મોક્ષમહલકી પરથમ સીડી, યા વિન જ્ઞાન ચરિત્રા,
સમ્યકતા ન લહે, સો દર્શન, ધારો ભવ્ય પવિત્રા
'દૌલ' સમજ સુન ચેત સયાને, કાલ વૃથા મત ખોવે,
યહ નરભવ ફિર મિલન કઠિન હૈ, જો સમ્યક્ નહિ હોવે.

છઢાળામાં દૌલતરામજીએ ગાગરમાં સાગર ભરી દીધો છે. સવારે પ્રવચનમાં એ ચાલે છે. અત્યારે પરમાત્મપ્રકાશ ચાલે છે. તેમાં ૮૫ ગાથાનો મૂળ શ્લોક આ પ્રમાણે છે.

तित्थई तित्थु भमंताहँ मूढहँ मोक्खु ण होइ।
णाण-विवज्जिउ जेण जिय मुणिवरु होइ ण सोइ॥८५॥

અર્થ :—તીર્થ.....તીર્થ પ્રતિ ભ્રમણ કરવાવાળા મૂર્ખોને મુક્તિ થતી નથી. કારણ,

હે જીવ! જે જ્ઞાનરહિત છે તે મુનીશ્વર નથી, સંસારી છે. મુનીશ્વર તો તે જ છે જે સમસ્ત વિકલ્પજાળોથી રહિત થઈને પોતાના સ્વરૂપમાં રમે. તેઓ જ મોક્ષ પામે છે.

આ ગાથા કુદરતે આવી છે હો! કુદરતનો મેળ કેવો છે! યોગીન્દુદેવ મુનિ પંચપરમેષ્ઠીમાં છે ને! માર્ગ જેવો છે તેવો ખુલ્લો મૂકી દે છે. તમને રુચે ન રુચે તે તમારે જોવાનું છે. આચાર્યદેવને શું છે! પદ્મનંદિ પંચવિંશતિમાં આચાર્યદેવે એક અધિકારમાં બ્રહ્મચર્યનું આખું વર્ણન કર્યું છે કે અરે! યુવાનો, ભોગોમાં શું પડ્યું છે! વગેરે....પછી છેલ્લે કહે છે કે યુવાનો! આવી બ્રહ્મચર્યની વાત તમને ન રુચે તો અમને ક્ષમા કરજો. અમે તો સંત છીએ. અમારી પાસે બીજી શી વાત હોય! બ્રહ્મસ્વરૂપ તો આત્મા છે, તેમાં આનંદ છે. વિષયભોગોમાં તો એકલું દુઃખ છે. શુભભાવ પણ દુઃખરૂપ છે તો અશુભભાવ તો દુઃખરૂપ છે જ. અતીન્દ્રિય આનંદથી ઉલટા જે કોઈ ભાવ છે તેમાં દુઃખ છે. માટે એકવાર તેની રુચિ તો છોડી દ્યો! શુભમાં દુઃખ છે તો અશુભમાં તો મહાદુઃખ છે એમ કરીને બ્રહ્મચર્યની જોરદાર વાત કરી છે. છેલ્લે કીધું કે, અમને જે વાત રુચિ છે તે વાત તમને કરી છે. અમારી પાસે બીજી આશા ન રાખશો. અહીં પણ એવી વાત આવી છે કે રાગની વાત અમને રુચતી નથી તેથી કહીએ છીએ કે તમે પણ તેમાં રુચિ ન કરો. આનંદસ્વભાવની રુચિ અને દૃષ્ટિ કરો અને શુભાશુભની રુચિ છોડો!

તીર્થયાત્રા, ભક્તિ આદિનો શુભરાગ છોડીને પાપમાં જવા માટે કહેતાં નથી પણ, તેમાં તમે ધર્મ માની રાખ્યો હોય તો એ માન્યતા છોડાવે છે. કેમકે શુભરાગ પણ પરદ્રવ્યને આશ્રિત છે તો પરદ્રવ્યના આશ્રયે કદી સ્વભાવની દૃષ્ટિ થઈ શકતી નથી. पराश्रितो बन्धः। स्वाश्रित मुक्ति અથવા पराश्रित व्यवहार અને स्वाश्रित निश्चयः। પરદ્રવ્યનો આશ્રય છોડીને સ્વદ્રવ્યનો આશ્રય કરે તો મુક્તિ થાય છે. આમ સત્ય તરફ વાત લઈ જવી તેનું નામ ન્યાય છે. આ ભગવાનના કહેલાં કાયદા કાનૂન છે. ત્રણકાળ ત્રણલોકના જાણનારા ભગવાન આમ ફરમાવે છે કે ભાઈ! સ્વદ્રવ્યનું લક્ષ છોડીને તારી બુદ્ધિ બહારમાં ભ્રમણ કરતી હોય તો તે તારું પરિભ્રમણ મટવાનું નથી. શુભ અને અશુભ બંને ભાવનું લક્ષ છોડીને સ્વતત્ત્વનું લક્ષ કરે તો જ સમ્યગ્દર્શન થાય છે. બાહ્યલક્ષથી ત્રણકાળમાં સમ્યગ્દર્શન થવાનું નથી અને સમ્યગ્દર્શન વિના જ્ઞાન અને ચારિત્ર પણ મિથ્યા છે. એકડાં વીનાના મીંડા જેવા છે. એકડો લખ્યા પછી મીંડું કરો તો તેની કિંમત તેમ, આત્માનું સમ્યક્ શ્રદ્ધાન કર્યા પછી રાગની મંદતા કરીને સ્વરૂપમાં ઠરે તો ચારિત્ર થઈ જાય છે. આવું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જ મુક્તિનું કારણ છે.

અશુભભાવથી બચવા શુભરાગ આવે પણ તે પરાશ્રિતભાવ છે માટે તેનાથી વીતરાગતા ન થાય માટે આચાર્યદેવ કહે છે કે તીર્થે તીર્થે ભ્રમણ કર તોપણ તેનાથી તારી મુક્તિ થવાની નથી. અંતર આત્મજ્ઞાન વિના સમ્યગ્દર્શન પણ નથી તો મુનિપણું તો કયાંથી હોય! અજ્ઞાની કરોડ ભવ સુધી તપ કરીને જે નિર્જરા કરી શકતાં નથી તે નિર્જરા જ્ઞાની અંતરમુહૂર્તમાં કરે છે. એવી આત્મજ્ઞાનની મહિમા છે.

સ્વર્ગ છે, નરક છે, મહાવિદેહ છે એ બધું આગમથી, યુક્તિથી, ન્યાયથી અનુભવથી સિદ્ધ થઈ શકે છે. આત્મા અનાદિનો છે તો તે અત્યાર સુધી ક્યાં રહ્યો? શું મુક્તિ થઈ ગઈ હતી? મુક્તિ થઈ હોય તો સંસારમાં પાછો ન આવે. જેમ ચણા બફાઈ ગયા પછી ઉગે નહિ તેમ આત્માની મુક્તિ થઈ ગયા પછી ચારગતિમાં ન આવે. માટે, અનાદિથી આત્માની કદી મુક્તિ થઈ નથી. ચારગતિમાં જન્મ-મરણ કર્યા છે એ વાત પ્રત્યક્ષ છે. પૂર્વજન્મ તો અહીં અત્યારે સિદ્ધ થાય છે. બેનશ્રીને તો પૂર્વભવનું જ્ઞાન છે જ પણ તેના ભાઈની દીકરીને પણ પૂર્વજન્મનું જ્ઞાન છે. તે તેના આખા કુટુંબને ઓળખે છે એ બધું ત્યાં જઈને નક્કી કર્યું છે. છાપામાં પણ આવા અનેક દાખલા આવે છે. પણ અહીં એ વિષય નથી. અહીં તો સમ્યગ્દર્શન વિના ચારિત્ર નથી અને ચારિત્ર વિના મુક્તિ નથી માટે પ્રથમ આત્માના આશ્રયે સમ્યગ્દર્શન પ્રગટ કરવાની વાત સમજાવી છે.

(ક્રમશઃ)

હું બીજા જીવને મારી શકું છું, જીવાડી શકું છું, બીજા જીવોને ખાવાની સગવડતા આપી સુખી કરી શકું છું અથવા બીજા જીવોને અગવડતા આપીને દુઃખી કરી શકું છું એ માન્યતા મહા પાપદૃષ્ટિની છે. એક તણખલાના બે કટકા કરી શકું છું, હાથની આંગળી હલાવી શકું છું, વાણી બોલી શકું છું, રોટલીનો ટુકડો કરી શકું છું—એમ પરદ્રવ્યની ક્રિયાનો કર્તા હું છું એવી માન્યતા મિથ્યાદૃષ્ટિની છે. એવા જીવો, ત્રૈલોક્યમાં કાંઈ બાકી રાખ્યા વગર બધા પદાર્થોને હું કરી શકું છું તેવી માન્યતાથી મિથ્યાત્વરૂપ મોટા પાપને બાંધે છે. કેમ કે અજ્ઞાનમાં જગતની કોઈપણ વસ્તુને તે પોતાની માન્યા વિના રહેતો નથી.

*—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી*

# રાગ-દ્વેષ મોહ પુદ્ગલનું નાટક છે

(શ્રી 'સમયસાર નાટક' શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં-૧૦૬)

આ, શ્રી સમયસાર નાટક શાસ્ત્ર છે. તેમાં મોક્ષદ્વારમાં ૧૩મા પદ્યમાં અનુભૂતિ સુબુદ્ધિ સખીને બ્રહ્મનું સ્વરૂપ સમજાવે છે.

देखु सखी यह ब्रह्म विराजित,
याकी दसा सब याहीकौ सोहै।
एकमैं एक अनेक अनेकमैं,
दुंद लियैं दुविधामह दो है॥
आपु संभारि लखै अपनौ पद,
आपु विसारिकै आपुहि मोहै।
व्यापकरूप यहै घट अंतर,
ग्यानमैं कौन अग्यानमैं को है॥१३॥

અર્થ :—અનુભૂતિ પોતાની સુબુદ્ધિ સખીને કહે છે કે હે સખી! જો, આ પોતાનો ઈશ્વર સુશોભિત છે, તેની સર્વ પરિણતિ તેને જ શોભા આપે છે. એવી વિચિત્રતા બીજા કોઈમાં નથી એને આત્મસત્તામાં જુઓ તો એકરૂપ છે, પરસત્તામાં જુઓ તો અનેકરૂપ છે. જ્ઞાનદશામાં જુઓ તો જ્ઞાનરૂપ, અજ્ઞાનદશામાં જુઓ તો અજ્ઞાનરૂપ, આવી બંને દુવિધાઓ એમાં છે. કોઈવાર તે સચેત થઈને પોતાની શક્તિની સંભાળ કરે છે અને કોઈવાર પ્રમાદમાં પડીને પોતાના સ્વરૂપને ભૂલી જાય છે, પણ એ ઈશ્વર નિજઘટમાં વ્યાપક રહે છે, હવે વિચાર કરો કે જ્ઞાનરૂપ પરિણમન કરનાર કોણ છે અને અજ્ઞાનદશામાં વર્તનાર કોણ છે? અર્થાત્ તે જ છે.

આત્માનો અનુભવ સુમતિને કહે છે કે હે સખી! જો, આ આપણો બ્રહ્માનંદ ભગવાન અનંત ગુણોની નિર્મળપર્યાયથી સુશોભિત છે એની દશા એને જ શોભે છે. સવળીદશા હો કે અવળીદશા હો એ બંને આત્માની દશા છે, પરના કારણે કોઈ દશા

નથી. આત્મા સિવાય પરમાણુ આદિમાં આવી દશા દેખાતી નથી. આત્મા તો સવળો પરિણમે તો આનંદથી શોભે છે અને અવળો પરિણમે તો રાગમાં દેખાય છે–જાણનારો તેને પણ જાણે છે.

આત્મા સ્વરૂપથી જોઈએ તો એક છે અને ગુણભેદ તથા પર્યાયથી જોઈએ તો અનેકપણે દેખાય છે. આવું ચૈતન્યનું સામ્રાજ્ય છે. दुंद लियै दुविधामह दो है। આત્મા સવળીદશા કરે તોપણ તેની છે અને ઊલટીદશા કરે તો તે પણ તેની છે, તેમાં એને કર્મનું કારણ છે એમ પણ અહીં તો યાદ કર્યું નથી. આત્મા પોતાની સ્વતંત્ર સત્તામાં સ્વરૂપને અનુભવે તો આનંદને અનુભવે, શોભે. અસ્થિરતાવશ રાગરૂપે પરિણમે તો રાગી દેખાય અને જ્ઞાનથી ખસીને એકલાં અજ્ઞાનરૂપે પરિણમમે તોપણ પોતે જ છે. પરની સત્તા સાથે આત્માને કાંઈ સંબંધ નથી. નિમિત્ત–નૈમિત્તિક સંબંધ છે તે તો એમ બતાવે છે કે બે દ્રવ્ય વચ્ચે કાંઈ સંબંધ નથી.

પોતાના બ્રહ્માનંદ ભગવાનનો આશ્રય લઈને શુદ્ધરૂપે પરિણમે તો પોતાની સાચી શોભા છે અને વિકારનો અનુભવ કરે તોપણ તેને કોઈ રોકનાર નથી. પોતાના અજ્ઞાનને લઈને એવી દશા છે પણ પરના કારણે નથી.

आपु संभारि लखै अपनो पद......પોતાના જ્ઞાનાનંદપદને ઓળખીને તેની સંભાળ કરે તો, જ્ઞાન–આનંદનો લાભ થાય છે અને જો પોતાને ભૂલે તો રાગ–દ્વેષ–મોહરૂપે પરિણમે છે. પરને કારણે તો કાંઈ થતું જ નથી, સુલટી કે ઊલટી દશા પોતામાં પોતાના કારણે થાય છે. આત્માનું સ્વરૂપ મુક્ત જ છે તેથી જો પોતે મુક્તપણે અનુભવે તો મુક્તિ જ દેખાય અને તેને ભૂલીને પોતાને રાગવાળો અનુભવે તો રાગ દેખાય. અજ્ઞાનદશામાં કોઈ બીજું દ્રવ્ય કારણ છે–એમ નથી.

ભગવાન આત્મા બ્રહ્માનંદ પ્રભુની અનુભૂતિ સુમતિ સખીને આમ કહે છે કે તું જો તો ખરી! આ પ્રભુ આત્મા અવળો પડે તોપણ પોતે છે અને સવળો થાય તોપણ પોતે જ છે. અવળીદશામાં કોઈ બીજો છે અને સવળી દશામાં પોતે છે–એમ નથી. બંને દશામાં આત્મા જ વ્યાપેલો છે.

હવે ૧૪મા પદ્યમાં અનુભૂતિ પોતાની સખીને અનુભવનું દૃષ્ટાંત કહે છે.

**ज्यौं नट एक धरै बहु भेख,**
**कला प्रगटै बहु कौतुक देखै।**

आपु लखै अपनी करतूति,
वहै नट भिन्न विलोकत भेखै।।
त्यौं घटमैं नट चेतन राव,
विभाउ दसा धरि रूप विसेखै।
खोलि सुदृष्टि लखै अपनौं पद,
दुंद विचारि दसा नहि लेखै।।१४।।

અર્થ :—જેવી રીતે નટ અનેક સ્વાંગ ધારે છે અને તે સ્વાંગના તમાશા જોઈને લોકોને કુતૂહલ સમજે છે, પણ તે નટ પોતાના અસલીરૂપથી કૃત્રિમ ધારણ કરેલા વેષને ભિન્ન જાણે છે, તેવી જ રીતે આ નટરૂપ ચેતનરાજા પરદ્રવ્યના નિમિત્તે અનેક વિભાવ પર્યાયોને પ્રાપ્ત થાય છે પરંતુ જ્યારે અંતરંગદષ્ટિ ખોલીને પોતાનું રૂપ દેખે છે ત્યારે અન્ય અવસ્થાઓને પોતાની માનતો નથી.

ज्यौं नट..... દષ્ટાંત આપ્યો છે કે જેમ, એક જ નટ અનેક વેષને ધારણ કરે છે. ક્યારેક સ્ત્રીનો વેષ તો ક્યારેક બાળકનો, પશુનો એમ અનેક વેષને ધારે છે અને પોતાની કળાથી અનેક પ્રકારના કૌતુક કરીને લોકોને બતાવે છે તો જોનારા એને જે વેષ ધર્યો છે તે રૂપે જુએ છે પણ પોતે તો જાણે છે કે હું આ વેષરૂપ નથી. હું તો જે છું તે છું. કોઈ વેષરૂપે હું થઈ ગયો નથી, વેષ તો બધાં કૃત્રિમ છે. હું તેનાથી ભિન્ન છું એમ નટ સમજે છે. તેમ આ દેહરૂપી ઘટમાં ચેતનરૂપ નટ દેહથી જુદો બિરાજે છે. તે અનેક પ્રકારના વિકારના વેષ ધારણ કરે છે–અનેક વિભાવપર્યાયને પ્રાપ્ત થાય છે પરંતુ खोलि सुदृष्टि.....જો અંતરદષ્ટિ ખોલીને પોતાના સ્વરૂપને જુએ છે તો પોતે તો એકરૂપ જ છે રાગ, શરીર, વાણી, મનની અવસ્થા મારી નથી એમ સમજે છે.

આત્માને ખરેખર પર સાથે કાંઈ સંબંધ નથી. આત્મા સવળો પરિણમે તો જ્ઞાન અને આનંદ કરે અને ઉલટો પરિણમે તો રાગ–દ્વેષ કરીને દુઃખી થાય એ સિવાય આત્મા બીજું કાંઈ કરી શકતો નથી. જ્યાં પોતાની સત્તા છે ત્યાં અવળું–સવળું કરે પણ જ્યાં પોતાની સત્તા નથી એવા પરદ્રવ્યમાં એ શું કરે? સ્વરૂપને ખોલીને જુએ તો શાંતિ અને આનંદ છે અને સ્વરૂપને ભૂલીને જુએ તો રાગ ને દ્વેષ છે. જોકે રાગ–દ્વેષ તો જ્ઞાનીને પણ થાય છે પણ તેને જ્ઞાની પોતાનું સ્વરૂપ માનતાં નથી. સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનની એવી સ્થિતિ છે કે તેમાં એ જીવ રાગ હોવા છતાં રાગથી છૂટો રહે છે.

આ તો મોક્ષ અધિકાર છે ને! 'હું મુક્તસ્વરૂપ છું' એમ જ્યાં પોતાની અંતરદૃષ્ટિ ખોલીને જુએ છે તો એ પર્યાયમાં પણ મુક્ત છે. રાગ-દ્વેષના ભાવને એ પોતાના સ્વરૂપે જાણતો નથી.

આગળના પદ્યમાં એમ કહ્યું હતું કે, અજ્ઞાનમાં કે જ્ઞાનમાં આત્મા એનો એ છે અને અહીં કહ્યું કે, દ્વંદરૂપ દશાને એ પોતાની જાણતો નથી. હવે ૫મા શ્લોક ઉપરના ૧૫મા પદ્યમાં હેય-ઉપાદેય ભાવો ઉપર ઉપદેશ આપે છે.

जाके चेतन भाव, चिदानंद सोइ है।
और भाव जो धरै, सौ औरौ कोइ है॥
जो चिनमंडित भाउ, उपादे जाननैं,
त्याग जोग परभाव, पराये माननैं॥१५॥

અર્થ :—જેમાં ચૈતન્યભાવ છે તે ચિદાત્મા છે અને જેમાં અન્યભાવ છે તે બીજા જ અર્થાત્ અનાત્મા છે. ચૈતન્યભાવ ઉપાદેય છે, પરદ્રવ્યના ભાવ પર છે—ત્યાગવા યોગ્ય છે.

ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ અને આનંદમૂર્તિ છે તેને જ આત્મા કહેવાય. બાકી અન્ય જે કોઈ ભાવ છે તે પરભાવ છે. અનેક પ્રકારના શુભાશુભભાવ છે તે અનાત્મા છે—આત્માનું સ્વરૂપ નથી. ધર્મના બહાને થયેલો વિકલ્પ પણ અનાત્મા છે, પરભાવ છે, આત્માનો ભાવ નથી. માટે, જે ચિન્મંડિત ભાવ છે-જ્ઞાનાનંદસ્વભાવ છે તે જ ઉપાદેય છે, અન્ય કોઈ પરભાવો ઉપાદેય નથી.

શુભભાવ હો કે અશુભભાવ હો તે બધાં ભાવ વિભાવ છે માટે ત્યાગવા યોગ્ય છે. એ પરદ્રવ્યનો ભાવ છે, જીવનો નિજભાવ નથી. ચૈતન્યનો ભાવ તો જ્ઞાન ને આનંદમય હોય. શુભાશુભભાવ તો પરના નિમિત્તે થાય છે માટે પરના છે. કર્મના નિમિત્તે થયેલાં ભાવો કર્મના છે. લોકો વાંચે અને વિચારે તો ખ્યાલ આવે. એ વિના એમ થાય કે 'આ તો શુભભાવને હેય કહે છે અને શુદ્ધભાવ તો અત્યારે છે નહિ' પણ, આખો આત્મા છે ને! પૂર્ણાનંદ પ્રભુ આત્માનો અંતરમાં સ્વીકાર કરે તો આત્મા આખો શુદ્ધ જ છે.

શ્રોતા :—છઠ્ઠા આરામાં શુભભાવ ઉપાદેય થઈ જતો હશે ને?

પૂજ્ય ગુરુદેવશ્રી :—ઝેર હોય તે કદી અમૃત થાય? કોઈ કાળે ન થાય. બહુ ભૂખ લાગી હોય અને શીકામાં રોટલી પડી હોય ત્યાં સર્પ ઝેર નાંખી ગયો હોય તો એ ખવાય

ખરી? (પેલાના જમાનામાં રોટલા-રોટલી શીકામાં રાખવાનો રિવાજ હતો) તેમ, રાગ ઝેર છે, વ્યવહારની ક્રિયાના પરિણામ ઝેર છે તે ઉપાદેય કેમ થાય? તે તો હંમેશા હેય જ હોય. વ્યવહારે ભલે શુભભાવને ઉપાદેય અને અશુભને હેય કહો પણ નિશ્ચયથી વિભાવમાત્ર હેય જ છે. જ્ઞાન અને આનંદસ્વરૂપ છે તે જ ઉપાદેય છે, રાગાદિ વ્યવહારનો વિકલ્પ હોય પણ તે ઉપાદેય નથી, હેય છે. ચોથા ગુણસ્થાનથી જ તે ભાવો હોવા છતાં છોડવાયોગ્ય છે એમ ધર્મી જાણે છે.

અંતર આત્માનો શુદ્ધચૈતન્યમયભાવ છે તે ઉપાદેય છે, બાહ્યલક્ષે ઉત્પન્ન થયેલ ભાવો હેય છે. તેને પોતાનું સ્વરૂપ માને છે તે બહિરાત્મા છે. જ્ઞાની તો વ્યવહારથી મુક્ત છે. જ્ઞાની વ્યવહારને પરજ્ઞેય તરીકે જાણે છે, સ્વજ્ઞેય તરીકે જાણતાં નથી. આમાં પુરુષાર્થ તો અનંતો જોઈએ. એક ભાઈ કહેતાં હતાં કે પુરુષાર્થ ઉપડતો નથી. ભાઈ! પુરુષાર્થ એમ ન ઉપડે. પહેલાં અભ્યાસ જોઈએ. આત્મા આવો છે, આ રાગ છે, આ સ્વભાવ છે એમ બધુ પહેલાં સમજણમાં લે ત્યારે એને ઉત્સાહ આવે કે અહો! ચૈતન્યસ્વભાવ જે કાયમનો છે તે આદરણીય છે. કૃત્રિમ એવા રાગાદિભાવ આદરણીય નથી. નિત્યાનંદ ભગવાન આત્મા ઉપાદેય છે. ક્ષણિક રાગાદિભાવ ઉપાદેય નથી.

પુણ્ય-પાપ અધિકારમાં સહજ શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતાની પરિણતિને શુભભાવ કહ્યો છે. તેને જ મોક્ષમાર્ગ કહ્યો છે અને શુભાશુભ વિકારીભાવને બંધમાર્ગ કહ્યો છે. શુભ એટલે સાચો-સારો-ભલો. જ્ઞાનાનંદસ્વભાવના આશ્રયે પ્રગટેલી દૃષ્ટિ જ્ઞાનની પરિણતિ જ શુભ છે, એ જ સારું છે. પુણ્ય-પાપના ભાવ અશુભ છે, ત્યાગવા યોગ્ય છે.

જ્ઞાની જીવ ચાહે ઘરમાં રહે પણ મોક્ષમાર્ગ સાધે છે એમ હવે કહેશે. ત્યાં ભાષા તો એમ જ આવશે કે જ્ઞાની ઘરમાં રહે છે પણ જ્ઞાની ઘરમાં નથી રહેતાં, જ્ઞાની તો આત્મામાં રહે છે. શરીર, વાણી, મન અને પુણ્ય-પાપભાવથી મુક્ત એવા જ્ઞાની બંધભાવમાં આવતાં નથી

जिन्हकैं सुमति जागी, भोगसौं भये विरागी,
परसंग त्यागी जे पुरुष त्रिभुवनमैं।
रागादिक भावनिसौं जिनिंकी रहनि न्यारी,
कबहूं मगन है न रहैं धाम धनमैं।।
जे सदैव आपकौं विचारें सरवांग सुद्ध,
जिन्हिकै विकलता न व्यापै कहूं मनमैं।

तेई मोख मारगके साधक कहावैं जीव,
भावै रहौ मंदिरमैं भावै रहो वनमैं ॥१६॥

અર્થ :—જેમને સુબુદ્ધિનો ઉદય થયો છે, જે ભોગોથી વિરક્ત થયા છે, જેમણે શરીર આદિ પરદ્રવ્યોનું મમત્વ દૂર કર્યું છે, જે રાગ-દ્વેષ આદિ ભાવોથી રહિત છે, જે કદી ઘર અને ધન-સંપત્તિ આદિમાં લીન થતા નથી, જે સદા પોતાના આત્માને સંપૂર્ણ રીતે શુદ્ધ વિચારે છે, જેમને મનમાં કદી આકુળતા વ્યાપતી નથી, તે જ જીવો ત્રણલોકમાં મોક્ષમાર્ગના સાધક છે, ભલે તેઓ ઘરમાં રહે કે જંગલમાં રહે.

જુઓ! શું કહે છે? જેને એવી સુમતિ જાગી છે કે હું તો રાગના અનુભવથી જુદી ચીજ છું. તેથી જેને અંતરંગમાં રાગના ભોગથી વૈરાગ્ય જાગૃત થયો છે કે રાગની લાગણી એ તો ઝેર છે. રાગ કે સંયોગો કાંઈ છૂટી જતાં નથી પણ તેનાથી વિરક્તિ આવે છે. તેથી રાગમાં કે ભોગમાં જ્ઞાની રક્ત નથી. પુણ્ય-પાપના વિકલ્પનો રસ તૂટી જાય તેનું નામ વૈરાગ્ય છે. પૂર્ણાનંદના નાથની પ્રતીતિ આવી ત્યાં રાગના વિકલ્પથી ખસી ગયો તે જ વૈરાગ્ય છે. બાકી બધો બે રાગ કહેવાય.

રાગી જીવ કર્મથી બંધાય છે અને વિરક્ત જીવ કર્મથી છૂટે છે એવું આગમનું વચન છે. સામાન્યપણે રાગીપણાને લીધે શુભાશુભ બંને ભાવથી જીવ બંધાય છે માટે તે બંને ભાવોનો નિષેધ છે. શુભાશુભ બંને ભાવોથી ખસી રાગરહિત પરિણતિ થાય તેનું નામ વૈરાગ્ય છે. વૈરાગ્ય થાય એટલે ભોગની જડની ક્રિયા પણ છૂટી જાય-એમ નથી. જડની ક્રિયા જડથી થાય છે, ધર્મી તેનાથી ભિન્ન છે. રાગનો અનુભવ તે જ ભોગ છે. તેનાથી ધર્મી વિરક્ત હોવાથી ધર્મી વૈરાગી છે.

પરસંગ ત્યાગી.....શરીર, વાણી, મન આદિ પરદ્રવ્યનું મમત્વ જેણે દૂર કર્યું છે, ધર્મી ચાહે ઊર્ધ્વલોકમાં હો, મધ્યલોકમાં હો કે અધોલોકમાં હો પણ પરના મમત્વથી એ છૂટેલાં છે. નરકમાં પણ સમકિતી મમત્વના ત્યાગી છે. વ્યંતર કે ભવનવાસી દેવલોકમાં પણ સમકિતી ભોગના ત્યાગી છે અને ઉપર વૈમાનિક દેવલોકમાં હોય તો પણ ધર્મી ભોગના ત્યાગી છે. તિર્યંચમાં મોટા મોટા મગરમચ્છ આદિ પણ સમકિતી હોય છે તે ભોગના ત્યાગી છે. ત્રણલોકમાં જ્યાં હોય ત્યાં સમકિતી પરસંગના ત્યાગી છે. 'જ્યાં જ્યાં હું છું ત્યાં પરસંગ નથી.'

વળી કહેશે કે ધર્મી ઘરમાં રહે કે વનમાં રહે....પણ તેને પરનો સંગ જ નથી.

સમકિતી ઘરમાં કે વનમાં નથી પણ એ તો આત્મામાં છે. ત્રણલોકમાં જ્યાં સમકિતી હોય ત્યાં તે સંગથી છૂટો જ છે.

रागादिक भावनिसौ जिनकी रहनि न्यारी—ધર્મીની રહેણી-કરણી રાગથી ન્યારી છે. રાગાદિક કહેતાં હાસ્ય, રતિ, અરતિ, શોક આદિ બધું આવી જાય. ચૈતન્યનો અનુભવ થયો ત્યાં રાગ-દ્વેષ આદિ સર્વથી રહિત થઈ ગયો. હવે તે કદી ધન કે ધામમાં મગ્ન થતો નથી. ભલે ચક્રવર્તીનું રાજ્ય હો અને ધનનો પાર ન હોય, નવનિધાન ભર્યાં હોય પણ ધર્મી તેમાં એકાકાર નથી.

जे सदैव आपको विचारे सरवांग शुद्ध.....આમાં સદૈવ અને સર્વાંગ બે શબ્દ છે. ધર્મી સદૈવ એટલે હંમેશા અને સર્વાંગ એટલે આખા આત્માને શુદ્ધ જ જાણે છે. ધર્મી પોતાને બધે પડખેથી શુદ્ધ જાણે છે. દ્રવ્યે શુદ્ધ છે અને પર્યાયે અશુદ્ધ છે એમ પણ નહિ. અશુદ્ધિનો તો એ ત્યાગી છે અને શુદ્ધતાનો ભોગી છે. ધર્મીના મનમાં કદી વ્યાકુળતા વ્યાપતી નથી. કેમકે આકુળતા એ રાગ છે અને ધર્મી તો તેનાથી ભિન્ન છે. ધર્મીના મનમાં તો સદાય શાંતિ વ્યાપે છે, અકષાયભાવ વ્યાપે છે.

तेई मोख मारगके साधक कहावै.....આવા ધર્મી જીવો જ મોક્ષ મારગના સાધક કહેવાય છે. એ ભલે ગૃહસ્થાશ્રમમાં હો, ગૃહસ્થ સંબંધી વિકલ્પ ઉઠતાં હો પણ તેનાથી ધર્મી ભિન્ન છે. ઘરનો સંગ એને નથી. તેથી જ મોક્ષમાર્ગના સાધક ઘરમાં હો કે વનમાં હો અસંગ જ રહે છે.

હવે છઠ્ઠો શ્લોક લેવાનો છે. આ શ્લોક નિયમસાર ૫૦ ગાથામાં પણ આપ્યો છે.

सिद्धान्तोऽयमुदात्तचित्तचरितैर्मोक्षार्थिभिः सेव्यतां.....

चेतन मंडित अंग अखंडित,
सुद्ध पवित्र पदारथ मेरो।
राग विरोध विमोह दसा,
समुझे भ्रम नाटक पुदगल केरो।।
भोग संयोग वियोग बिथा,
अवलोकि कहै यह कर्मज घेरो।
है जिन्हकौ अनुभौ इह भांति,
सदा तिनकौं परमारथ नेरौ।।१७।।

અર્થ :—જેઓ વિચારે છે કે મારો આત્મપદાર્થ ચૈતન્યરૂપ છે, અછેદ્ય, અભેદ્ય, શુદ્ધ અને પવિત્ર છે, જે રાગ–દ્વેષ–મોહને પુદ્‌ગલનું નાટક સમજે છે. જે ભોગ સામગ્રીના સંયોગ–વિયોગની આપત્તિઓને જોઈને કહે છે કે કર્મજનિત છે—એમાં આપણું કાંઈ નથી, એવો અનુભવ જેને સદા રહે છે તેમની સમીપ જ મોક્ષ છે.

... છે. કેમકે ચૈતન્ય અખંડિત છે તેને છેદી કે ભેદી શકે તેમ નથી. વળી શુદ્ધ અને પવિત્ર મારી ચીજ છે. મારી ચીજ અશુદ્ધ અને અપવિત્ર ન હોઈ શકે. રાગ–દ્વેષ અને વિમોહદશા એ મારું સ્વરૂપ નથી એ તો પુદ્‌ગલનું

| | |
|---|---|
| બાળપોથી ભાગ-૧ | |
| બાળપોથી ભાગ-૨ | કહાન ઓપ્ટિકલ્સ હ. રૂપચંદજી ચૈન્નઈ |
| ચૌસઠ ઋદ્ધિ પૂજા | જ્ઞાનેશ રસિકલાલ શાહ મેમો. ટ્રસ્ટ, સુરેન્દ્રનગર |
| દશ લક્ષણ વિધાનપૂજા | સ્વ. રમણીકલાલ લાલચંદ દોશી, ઘાટકોપર |
| જૈન પ્રાયમર (અંગ્રેજી) | હીરાબેન નાથાલાલ શાહ-પરિવાર અમેરિકા |

## સ્થાયી પુરસ્કર્તા બાકી શાસ્ત્રોનું લીસ્ટ

ગુજરાતી

# જિનવાણી-પ્રકાશનના સ્થાયી પુરસ્કર્તૃત્વ લાભનું આયોજન

આ યોજના અંતર્ગત શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા પ્રકાશિત થનારા શ્રી સમયસાર આદિ પરમાગમ, વચનામૃત-ગ્રંથ તથા અન્ય પ્રવચન ગ્રંથો વગેરેમાં દાતાનું નામ 'પ્રકાશન-પુરસ્કર્તા'ના રૂપમાં તે તે ગ્રંથમાં સ્થાયીરૂપે મુદ્રિત કરવામાં આવે છે. જે શાસ્ત્રો માટે 'પ્રકાશન-પુરસ્કર્તા'ના રૂપમાં જે મહાનુભાવોના નામ નિશ્ચિત થયા છે તે નીચે પ્રમાણે છે.

| શાસ્ત્રનું નામ | સ્થાયી પુરસ્કર્તા | વેચાણમાં ઉપલબ્ધ છે. |
|---|---|---|
| ગુજરાતી | | |
| અપૂર્વ અવસર પ્રવચન | ભગવાનજીભાઈ કચરાભાઈ શાહ, પરિવાર લંડન | હા |
| દશલક્ષણધર્મ | ભગવાનજીભાઈ કચરાભાઈ શાહ, પરિવાર લંડન | હા |
| હિન્દી | | |
| નિયમસાર | જયાલક્ષ્મીબેન આનંદલાલભાઈ જસાણી, મુંબઈ | હા |
| પ્રવચનસાર | કુંદકુંદ કહાન પરિવાર યુવક મંડળ, રાજકોટ | હા |
| ગુરુદેવશ્રીના વચનામૃત | પાર્લા-સાન્તાક્રુઝ દિગંબર જૈન મુમુક્ષુ મંડળ, મુંબઈ | હા |
| બહેનશ્રીના વચનામૃત | દિગંબર જૈન મુમુક્ષુ મંડળ, સુરત | હા |
| બહેનશ્રીનો જ્ઞાનવૈભવ | કુંદકુંદ કહાન પરિવાર યુવક મંડળ, રાજકોટ | હા |
| છ-ઢાળા | જ્ઞાનેશ રસિકલાલ શાહ મેમો. ટ્રસ્ટ, સુરેન્દ્રનગર | હા |
| બાળપોથી ભાગ-૧ | એક મુમુક્ષુ ચૈન્નઈ હ. સી.એસ. ભંડારી | હા |
| બાળપોથી ભાગ-૨ | કહાન ઓપ્ટિકલ્સ હ. રૂપચંદજી ચૈન્નઈ | હા |
| ચૌસઠ ઋદ્ધિ પૂજા | જ્ઞાનેશ રસિકલાલ શાહ મેમો. ટ્રસ્ટ, સુરેન્દ્રનગર | હા |
| દશ લક્ષણ વિધાનપૂજા | સ્વ. રમણીકલાલ લાલચંદ દોશી, ઘાટકોપર | હા |
| જૈન પ્રાયમર (અંગ્રેજી) | હીરાબેન નાથાલાલ શાહ-પરિવાર અમેરિકા | |

## સ્થાયી પુરસ્કર્તા બાકી શાસ્ત્રોનું લીસ્ટ

ગુજરાતી

| | | | |
|---|---|---|---|
| સમયસાર નાટક | ૧૫૧૦૦૦ | પદ્મનંદી પંચ વિશતીકા | ૧૫૧૦૦૦ |
| પદ્મપુરાણ | ૧૦૦૦૦૦ | પંચાધ્યાયી ભાગ-૧, ૨ | ૧૫૧૦૦૦ |
| સમયસાર પ્રવચન ભાગ-૧,૨ | ૧૫૧૦૦૦ | સ્તોત્રત્રયી | ૩૧૦૦૦ |
| સમયસાર પ્રવચન ભાગ-૩ | ૧૦૦૦૦૦ | આત્મભાવના | ૫૫૦૦૦ |
| તત્વજ્ઞાનતરંગીણી | ૫૧૦૦૦ | અભિનંદનગ્રંથ | ૧૦૦૦૦૦ |
| ચિદ્‌વિલાસ | ૪૧૦૦૦ | અનુભવપ્રકાશ પ્રવચન | ૭૧૦૦૦ |
| સત્તાસ્વરૂપ | ૨૫૦૦૦ | વસ્તુવિજ્ઞાનસાર | ૨૫૦૦૦ |

| | | | |
|---|---|---|---|
| મુક્તિનો માર્ગ | ૨૧૦૦૦ | જિનેન્દ્ર સ્તવનમાળા | ૩૧૦૦૦ |
| યોગસાર પ્રાભૃત | ૮૧૦૦૦ | જિનેન્દ્ર ભજનમાળા | ૩૧૦૦૦ |
| જિનેન્દ્ર પ્રશ્નોત્તરમાળા ભાગ-૧,૨ | ૫૧૦૦૦ | મહાવીર ભજનપૂજન | ૧૫૦૦૦ |
| મોક્ષમાર્ગ પ્રકાશકના કિરણો | ૮૫૦૦૦ | વિધાન પૂજા | ૫૫૦૦૦ |
| ધન્યકુમાર ચરિત્ર | ૨૧૦૦૦ | જિનેન્દ્ર સ્તવનાવલી | ૨૫૦૦૦ |
| પરિચયપુસ્તિકા | ૨૧૦૦૦ | જિનેન્દ્ર સ્તવન મંજરી | ૫૧૦૦૦ |
| પૂજાપલ્લવ | ૧૧૦૦૦ | મહારાણી ચેલણા | ૧૫૦૦૦ |

હિન્દી

| | | | |
|---|---|---|---|
| સમયસાર | ૨૫૦૦૦૦ | વચનામૃત પ્રવચન ભાગ-૨ | ૮૧૦૦૦ |
| પંચાસ્તિકાય | ૧૫૦૦૦૦ | વચનામૃત પ્રવચન ભાગ-૩ | ૮૧૦૦૦ |
| અષ્ટપાહુડ | ૧૫૧૦૦૦ | પરમાગમ પિયુષ | ૪૧૦૦૦ |
| મોક્ષમાર્ગપ્રકાશક | ૮૧૦૦૦ | રત્નત્રય વિધાન | ૨૧૦૦૦ |
| પુરુષાર્થ સિદ્ધ ઉપાય | ૪૧૦૦૦ | સિદ્ધપરમેષ્ઠિ વિધાન | ૨૧૦૦૦ |
| ચિદવિલાસ | ૩૧૦૦૦ | સોડશકારણ પૂજા વિધાન | ૨૫૦૦૦ |
| આત્માવલોકન | ૩૧૦૦૦ | પંચમેરુ-નંદીશ્વર પૂજા વિધાન | ૪૧૦૦૦ |
| સમયસાર પ્રવચન ભાગ-૧ | ૧૦૦૦૦૦ | સિદ્ધચક્ર વિધાન | ૪૧૦૦૦ |
| સમયસાર પ્રવચન ભાગ-૨ | ૧૦૦૦૦૦ | ત્રિલોક અ કૃત્રિમ વિધાન પૂજા | ૨૫૦૦૦ |
| વચનામૃત પ્રવચન ભાગ-૧ | ૮૧૦૦૦ | A Short reader to Jain Doctrin | 18000 |

જ્ઞાનની પર્યાયમાં જાણનાર જણાય છે છતાં તેને જાણતો નથી ને પરજ્ઞેયો જણાય છે તેને પોતાના માને છે કે રાગ તે હું છું,—એવી એકત્વબુદ્ધિ કરે છે તે ભૂલ છે, તે મહા-અપરાધ છે. અનંત જ્ઞાન આનંદ આદિનો દરબાર છે તેને જાણતો નથી ને પુણ્ય-પાપના રાગાદિને પોતાના જાણે છે તે મહા-અપરાધ છે, તે નાનો ગુન્હેગાર નથી પણ મહા-ગુન્હેગાર છે.

*—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી*

# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

*પ્રશ્ન :—મનુષ્યજીવનના કર્તવ્ય સંબંધી ફરમાવવા કૃપા કરશોજી.*

સમાધાન :—મનુષ્યજીવનની અંદર ચૈતન્ય તત્ત્વ જુદું છે અને આ પરદ્રવ્ય જુદું છે એવું ભેદજ્ઞાન કરવાનું છે. અંતરમાં વિભાવો સાથે એકત્વબુદ્ધિ થઈ રહી છે તે તોડવાની છે. હું જુદો ચૈતન્ય જ્ઞાયક છું, જ્ઞાન-આનંદાદિ અનંત ગુણસ્વરૂપ આત્મા છું. તેના ઉપર દૃષ્ટિ કરીને હું શાશ્વત ચૈતન્યજ્યોત છું એમ વારંવાર તેનું રટણ-મનન કરવાનું છે. ભેદજ્ઞાન પ્રગટ કરીને નિર્વિકલ્પ તત્ત્વ આત્મા છે તેની સ્વાનુભૂતિ પ્રગટ કરવાની છે. ગુરુદેવે જે બતાવ્યું છે તે કરવાનું છે. એક જ માર્ગ છે. શ્રીમદે કહ્યું છે ને? "એક હોય ત્રણ કાળમાં પરમારથનો પંથ" –પરમારથનો પંથ એક જ છે—ચૈતન્ય તત્ત્વને ઓળખો, તેની સ્વાનુભૂતિ પ્રગટ કરો. ભેદજ્ઞાન પ્રગટ કરો તેમ ગુરુદેવે કહ્યું છે અને તે કરવાનું છે.

"આમાં સદા પ્રીતિવંત બન, આમાં સદા સંતુષ્ટ ને
આનાથી બન તું તૃપ્ત, તુજને સુખ અહો! ઉત્તમ થશે."

આમાં સદા પ્રીતિ કર,–તેમાં પ્રીતિવંત બન; તેમાં સંતુષ્ટ થા;–સંતોષ તેમાં જ છે, બીજે ક્યાંય સંતોષ નથી–બીજે અસંતોષ છે, બીજે ક્યાંય તને શાંતિ નહિ મળે, આત્મામાં જે સંતોષ-શાંતિ-આનંદ છે તે બીજે ક્યાંય નથી. "આનાથી બન તું તૃપ્ત" આમાં જ તું તૃપ્તિ પામ–તૃપ્તિ તેમાં જ છે, બીજે ક્યાંય નથી. તૃપ્તિપણું જે છે તે બધું આત્મામાં જ છે, તેમાં જ તને તૃપ્તિ મળશે, બીજે ક્યાંય મળશે નહીં. 'સુખ અહો! ઉત્તમ થશે" ઉત્તમ સુખની પ્રાપ્તિ તેમાં જ થશે. બીજે—બહારના સુખમાં ઝાંવાં નાખવાથી નહિ મળે. સુખ આત્મામાં જ છે, તેમાંથી જ તે પ્રગટ થશે. તે જ કરવાનું છે.

જેટલું જ્ઞાન છે તેટલો આત્મા છે. જ્ઞાયકતાથી ભરેલો જે જ્ઞાનસ્વરૂપ આત્મા તે જ જ્ઞાયક છે. બસ, તે જ પરમાર્થસ્વરૂપ આત્મા છે, તેને ઓળખ. આ કરવાનું છે. તે પદને પ્રાપ્ત કર, તે ખરું પદ છે. અનેક જાતના મતિ-શ્રુત-અવધિ-મન:પર્યય આદિ ભેદો છે. તે ભેદો ઉપરથી દૃષ્ટિ ઉઠાવીને એક જ્ઞાયક ઉપર દૃષ્ટિ કર. બસ, તે જ્ઞાયકમાં તૃપ્તિ પામ. તે જ્ઞાયકમાં જ બધું ભરેલું છે. બીજા ભેદભાવો ને વિભાવો–બધા ઉપરથી દૃષ્ટિ ઉઠાવીને એક ચૈતન્યમાં દૃષ્ટિ કર. ગુરુદેવે કહ્યું તે ભેદજ્ઞાન–સ્વાનુભૂતિ પ્રગટ કરીને, તેમાં

જ તૃપ્તિ પામ. તેમાં જ આનંદનો- શાંતિનો-જ્ઞાનનો સાગર ભર્યો છે અને તેમાંથી જ આનંદ, જ્ઞાન વિગેરે ઊછળશે. તેમાં જ બધું ભર્યું છે, તેમાં જ વારંવાર દૃષ્ટિ-જ્ઞાન અને લીનતા કરવાથી તેમાંથી જ પૂર્ણતાની પ્રાપ્તિ થશે, તે ખરું કરવાનું છે, તે જીવનનું કર્તવ્ય છે. તત્ત્વના વિચાર, શાસ્ત્રાભ્યાસ, દેવ-શાસ્ત્ર-ગુરુની મહિમા આ બધું એક ચૈતન્યતત્ત્વને ઓળખવા માટે જ કરવાનું છે. જીવનનું ખરું કર્તવ્ય તે હોવું જોઈએ. ગુરુદેવે ઘણું સંભળાવ્યું છે. ગુરુદેવનો પરમ ઉપકાર છે.

*પ્રશ્ન :—શુભ ભાવ હોય તો મનુષ્યભવ મળે ને?*

સમાધાન :—એવા ભાવ રાખવાનું શું કામ છે? ભવનો અભાવ થાય તે ભાવ પ્રગટ કરવા જેવો છે. ભવ કેવો મળે? તેના ઉપર કાંઈ નથી. દેવનો ભવ મળે કે મનુષ્યનો ભવ મળે, તે બધા ભવ જ છે, તેમાં તો આકુળતા છે. ભવમાં ક્યાં શાંતિ છે?

*પ્રશ્ન :—બધા જીવોમાં એટલું બધું જ્ઞાન નથી હોતું કે જેનાથી તત્ત્વજ્ઞાન પામી શકે. શુભ ભાવ કરે તો બીજો મનુષ્યભવ મળે, તેમાં તત્ત્વજ્ઞાન મેળવે અને મોક્ષે જાય એવી ભાવના કરવી યોગ્ય છે?*

સમાધાન :—આ ભવમાં પુરુષાર્થ ન કરવો અને બીજા ભવમાં કરશું એવો વાયદો કરવા જેવો નથી. પોતે ક્રિયામાં પડ્યો હતો અને જે શુભભાવથી ખરેખર પુણ્ય બંધાય તેમાં ધર્મ માન્યો હતો. શુભભાવની ક્રિયાથી ધર્મ થાય તેમ માનતો હતો તેના બદલે તે બધાથી જુદો આત્મા ગુરુદેવે બતાવ્યો. જે ગુરુએ મુક્તિનો માર્ગ ને મુક્તિ કોઈ જુદાં છે—અપૂર્વ છે એમ બતાવ્યું તેમનો એવો આ સંયોગ મળ્યો તો તેમાં ભેદજ્ઞાનપૂર્વક સમ્યગ્દર્શન થાય તે અપૂર્વ છે. છતાં ત્યાં સુધી ન પહોંચી શકાય તો તેની ભાવના, તેનું રટણ, તેના સંસ્કાર, વારંવાર એનું ચિંતવન કરે. આવો મનુષ્યભવ, સાચા દેવ-શાસ્ત્ર-ગુરુ, લાંબું આયુષ્ય તથા આવા ગુરુનો સંયોગ મળવો તે એક પછી એક દુર્લભ છે. તે બધું વર્તમાનમાં મળી ચૂક્યું છે.

શાસ્ત્રમાં ટોડરમલ્લજી કહે છે કે "સબ અવસર આ ચૂકા હૈ." તું તારું કરી લે. સમ્યગ્દર્શન પામવું દુર્લભ છે. એ પ્રાપ્ત ન થઈ શકે તો આત્મા કોઈ અપૂર્વ છે તેના સંસ્કાર પાડવા, અપૂર્વ આત્માની રુચિ કરવી, ભાવના કરવી, ચિંતવન કરવું, આત્માને એકને મુખ્ય રાખવો અને દેવ-શાસ્ત્ર-ગુરુને હૃદયમાં રાખવા—એટલું તો જીવ કરી શકે છે, અંતરમાં તેટલો પલટો કરી શકે છે.

*પ્રશ્ન :—દેવ-શાસ્ત્ર-ગુરુની ઓળખાણ અને મહિમા દૃષ્ટિને મોળી (ઢીલી) નથી પાડતી?*

સમાધાન :—મોળી (ઢીલી) નથી પાડતી, પણ દૃષ્ટિને અભિનંદે છે. આત્માની

ઓળખાણ અને દેવ-શાસ્ત્ર-ગુરુની ઓળખાણને નિમિત્ત-ઉપાદાનનો સંબંધ છે. દૃષ્ટિ-જ્ઞાન અને આત્માનો સંબંધ તો સીધો છે; પરંતુ આ શુભ રાગ વિરુદ્ધ ભાવ છે તો પણ આત્મા સાથે નિમિત્ત-ઉપાદાનનો સંબંધ છે.

અનાદિ કાળથી જીવે શુભભાવો કર્યા પણ આત્માને ઓળખ્યો નથી, તેનું કારણ પોતે આત્માને ઓળખવાનો પ્રયત્ન કર્યો નથી, એટલે ઓળખાયો નથી. શુભ રાગમાં અનાદિકાળથી પડ્યો રહ્યો છે. પોતાને કારણે પોતે સાચું સમજવાનો પ્રયત્ન કર્યો નથી. શુભથી બધું થઈ જાય તેમ માની લીધું છે, પણ પોતે દૃષ્ટિ ફેરવે અને આત્માની સાચી રુચિ કરે તો ઓળખાય છે. દેવ-શાસ્ત્ર-ગુરુને બહારથી ઓળખ્યા પણ યથાર્થ ઓળખે તો આત્માને ઓળખ્યા વગર રહે નહિ. અને આત્માને ઓળખે તો ભગવાનને ઓળખ્યા વગર રહે નહિ. એવો સંબંધ છે.

*પ્રશ્ન :—જીવ બહારનું કામ તો બધું કરી લે છે. આ કરતો નથી, તો અંતરમાં જવા માટે વિશેષ પ્રેરણા આપવા કૃપા કરશોજી.*

સમાધાન :—ગુરુદેવે આંગળી ચીંધીને માર્ગ બતાવ્યો છે કે તું સ્વભાવને રસ્તે જજે, પણ કોઈ ચલાવી ન દે. ગુરુદેવ દેખાડતા હતા કે આ વિભાવનો રસ્તો છે તેમાં તીવ્રભાવ આવે કે મંદભાવ–શુભભાવ આવે, તે રસ્તે તું જઈશ નહિ, ક્ષણિક પર્યાયો હોય તેમાં રોકાઈશ નહિ અને અનેક ભેદભાવો આવે તેમાં પણ રોકાઈશ નહિ. શાશ્વત આત્માને ગ્રહણ કરજે, બીજે ક્યાંય રોકાઈશ નહિ. શાશ્વત આત્માને ગ્રહણ કરીશ તો તને સુખનું ધામ મળશે. આમ રસ્તો બતાવતા હતા. જો બીજે ક્યાંય રોકાણો કે પર્યાયમાં રોકાણો તો તને ચૈતન્ય ભગવાન આત્મા નહિ મળે. આમ બરાબર ચોખ્ખું કરી-કરીને બતાવતા હતા. પણ ચાલવાનું તો પોતાને રહે છે. શુભભાવ વચ્ચે આવતા જશે, પણ તેમાં રોકાઈશ નહિ; અંદર સાધનામાં સાધકદશાની પર્યાયો પ્રગટશે પણ તેમાં રોકાઈશ નહિ અને અનેક જાતના જ્ઞાનના ભેદો આવશે તેમાં પણ રોકાઈશ નહિ,—આ પ્રકારે અનેક રીતે કહેતા હતા. એક શાશ્વત દ્રવ્યને ગ્રહણ કરીને તેમાં તું જજે–તે રસ્તે જાજે, તને શુદ્ધતાની પર્યાય તેમાંથી પ્રગટ થશે. એમ કરી-કરીને માર્ગ બતાવતા હતા. બાકી ચાલવાનું તો પોતાને જ રહે છે.

એકલા જ્ઞાયક દ્રવ્યને પકડજે. જ્ઞાયક ભગવાનમાં બધું ભર્યું છે, તેમાંથી તને બધું મળશે. તેમાં બધી નિધિ છે તે તને મળશે. આમ પીખી-પીખીને બતાવતા હતા, પણ ચાલવાનું તો પોતાને છે. તેઓશ્રીએ બધું બતાવી દીધું, પણ ચાલે કોણ? જાણ્યા કરે અને

(અનુસંધાન માટે જુઓ પાનું-૨૩)

[ તા. ૯-૨-૨૦૦૫ ]

# સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

અધ્યાત્મતીર્થક્ષેત્ર શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ, અનંત-ઉપકારમૂર્તિ પરમપૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમ જ તેમના પરમભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહની જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીની શુભાશિષથી, અધ્યાત્મજ્ઞાનના પાવન ગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે, તેમ જ ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે.

**શ્રી સીમંધર-જિનમંદિર-અષ્ટાહ્નિક-મહોત્સવ :**—સુવર્ણપુરીના શ્રી સીમંધરસ્વામી દિગંબર જિનમંદિરનો ૬૫મો વાર્ષિક અષ્ટાહ્નિક ઉત્સવ તા. ૫-૩-૨૦૦૫ શનિવારથી તા. ૧૨-૩-૨૦૦૫, (ફાગણ સુદ ૨) શનિવાર સુધી છે. આ ઉત્સવ વીસ વિહરમાન જિન મંડલવિધાન, જિનેન્દ્રભક્તિ તથા તત્ત્વજ્ઞાનની ઉપાસના આદિ વિભિન્ન કાર્યક્રમપૂર્વક ઊજવવામાં આવશે.

**ફાલ્ગુની નંદીશ્વર-અષ્ટાહ્નિકા :** સુવર્ણપુરના શ્રી પંચમેરુ-નંદીશ્વર જિનાલયમાં તા. ૧૮-૩-૨૦૦૫, શુક્રવારથી તા. ૨૫-૩-૨૦૦૫, શુક્રવાર સુધી ફાગણ માસની નંદીશ્વર-અષ્ટાહ્નિકા, શ્રી પંચમેરુ-નંદીશ્વર વિધાનપૂજા ઇત્યાદિ કાર્યક્રમપૂર્વક ઊજવવામાં આવશે.

**શ્રી પંચમેરુ-નંદીશ્વર જિનાલય વાર્ષિક પ્રતિષ્ઠોત્સવ :**—શ્રી પંચમેરુ-નંદીશ્વર જિનાલયનો વાર્ષિક પ્રતિષ્ઠોત્સવ ફાગણ સુદ ૪, રવિવાર, તા. ૧૩-૩-૨૦૦૫ થી તા. ૧૭-૩-૨૦૦૫, ગુરુવાર સુધી આનંદોલ્લાસથી પૂજાભક્તિપૂર્વક ઊજવવામાં આવશે.

**પરમાગમમંદિર-પ્રતિષ્ઠાતિથિ :**—ફાગણ સુદ ૧૩, બુધવાર તા. ૨૩-૩-૦૫ના દિવસે શ્રી મહાવીર-કુંદકુંદ દિગંબર જૈન પરમાગમમંદિરમાં પૂજાભક્તિના વિશેષ સમારોહપૂર્વક ઊજવવામાં આવશે.

સૌરાષ્ટ્રપ્રદેશની પ્રસિદ્ધનગરી જામનગર શહેરમાં પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના પુનિત પ્રભાવના ઉદયથી 'શ્રી સીમંધરસ્વામી–દિગંબર જિનમંદિર'ની મંગલ પ્રતિષ્ઠા નિમિત્તે 'શ્રી જિનબિંબ પંચકલ્યાણક'નો મંગલ મહોત્સવ પોષ વદ ૧૨, રવિવાર તા. ૬-૨-૨૦૦૫ થી મહા સુદ ૫, રવિવાર, તા. ૧૩-૨-૨૦૦૫ (આઠ દિવસ) સુધી સાનંદ સંપન્ન થયો છે તેના વિસ્તૃત સમાચાર આગામી અંકમાં આપવામાં આવશે.

❋ ❋ ❋

( આધ્યાત્મિક તત્ત્વચર્ચા......પેઈજ ૨૧ થી ચાલુ )

આહા.....આહા.... આવું છે! આવું છે! એમ કર્યા કરે અને આ વિભાવ છે, આ પર્યાય છે એમ વિચાર કર્યા કરે પણ ચાલે કોણ? ચાલવાનું તો પોતાને છે. ગુરુ રસ્તો બતાવે પણ ચલાવી કોણ દે? મોઢામાં કોળિયો મૂકે, પણ જીભ ચલાવી, ગળે ઉતારવાનું પોતાને રહે છે, પોતાને પુરુષાર્થ કરવાનો છે. માર્ગ દેખાડનારા આ પંચમકાળમાં કોણ મળે? દુનિયામાં જુઓ તો બધા ક્યાંક ને ક્યાંક અટકેલા પડ્યા હોય છે. કોઈ આટલું વાંચી લે, કોઈ વ્રત-તપ-ત્યાગ કરી લે, કોઈ ભક્તિ કરી લે અને કોઈ ધ્યાન કરે કે અહો! ધ્યાનમાં ભગવાન દેખાણા, કાંઈક અજવાળાં દેખાણા—એમ કોઈ ક્યાંક તો કોઈ ક્યાંક અટકે છે, ભ્રમણામાં ક્યાંક ને ક્યાંક ભૂલા પડ્યા હોય છે. અહીં તો ભ્રમણા થવાનો અવકાશ જ નથી. એક ચાલવાનું જ પોતાને બાકી છે.

* * *

**વૈરાગ્ય સમાચાર :—**

નાઈરોબીનિવાસી મેઘજી વાઘજી હરીયાના સુપુત્ર અનિલભાઈ (વર્ષ-૫૭) તા. ૨૪-૧૧-૦૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

માંગીતૂંગી દિગંબર જૈન સિદ્ધક્ષેત્રના મેનેજર શ્રી સૂરજમલજીના નાનાભાઈ શ્રી મહાવીર પ્રસાદ જૈન તથા પુત્રી પ્રિયંકા મહાવીર પ્રસાદ જૈન તેમજ માંગીતૂંગી સિદ્ધક્ષેત્રના અધ્યક્ષ, તેમના પત્ની તથા પુત્રી —એમ કુલ પાંચ વ્યક્તિઓ કાર-એકસીડન્ટમાં તા. ૨૮-૧૨-૦૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

અમેરિકાનિવાસી શ્રી રેખાબેન અનુપકુમાર ગુલાબચંદ શાહ (–તે શ્રી વજુભાઈ પારેખના પુત્રી) સ્વર્ગવાસ પામ્યા છે.

સોનગઢનિવાસી શ્રી ધનલક્ષ્મીબેન મનસુખલાલ દેસાઈ લાઠીવાળા (વર્ષ-૭૮) તા. ૨૯-૧-૦૫ના રોજ સુરત મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ છેલ્લા ૬૧ વર્ષથી સોનગઢ સ્થાયી રહીને પૂજ્ય ગુરુદેવશ્રીના તત્ત્વજ્ઞાનનો ભરપુર લાભ લીધો હતો. આખુય જીવન સોનગઢના ધર્મમય વાતાવરણથી રંગાયેલું રહ્યું હતું. પૂજ્ય ગુરુદેવશ્રી સાથેની સસંઘ બધી યાત્રાઓ તથા બધા પંચકલ્યાણકો આદિ બધા ઉત્સવોનો ઉલ્લાસપૂર્ણભાવે ખૂબ લાભ લીધો હતો. છેલ્લે સુધી આત્મભાવનાની વિશેષ જાગૃતિપૂર્વક શાંતિથી દેહવિલય પામ્યા હતા.

સોનગઢનિવાસી શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહ 'ચેતનવિજયજી' (વર્ષ-૮૮ લગભગ) તા. ૩૧-૧-૨૦૦૫ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ પૂજ્ય ગુરુદેવશ્રીના જૂના અનુયાયી હતા તથા ઘણા વર્ષોથી સ્થાયી સોનગઢમાં રહેતા હતા.

* * *

સુવર્ણપુરીમાં સમ્યક્ત્વ-મહિમાનો સ્વર્ણિય અવસર

*માતુશ્રી ચંચળબેન પ્રેમચંદ પાનાચંદ ભાયાણી-પરિવાર,*

*(હા. શ્રીમતી વાસંતીબેન ગુણવંતરાય પ્રેમચંદ ભાયાણી) દ્વારા*

# સમ્યક્ત્વતીર્થ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો ૭૩મો

# સમ્યક્ત્વજયંતી મહોત્સવ

સમ્યક્ત્વતીર્થપ્રભાવક પરમોપકારી પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના પરમ ભક્ત સમ્યક્ત્વતીર્થ સ્વાનુભવવિભૂષિત પ્રશમમૂર્તિ ધન્યાવતાર પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો ૭૩મો વાર્ષિક સમ્યક્ત્વજયંતીનો મગલ મહોત્સવ (ફાગણ વદ ૧૦) અધ્યાત્મ-અતિશયક્ષેત્ર શ્રી સુવર્ણપુરી (સોનગઢ)માં અત્યાનંદોલ્લાસ-પૂર્વક ઊજવવાનું નિશ્ચિત થયું છે. તદ્‌નુસાર સોનગઢ તીર્થધામમાં તા. ૩૧-૩-૨૦૦૫, ગુરુવારથી તા. ૪-૪-૨૦૦૫, સોમવાર (ફાગણ વદ ૧૦) સુધી આ 'સમ્યક્ત્વજયંતી-મહોત્સવ' શ્રી ચોસઠ ઋદ્ધિમંડલવિધાનપૂજા, પરમ કૃપાળુ પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રીના સમ્યક્ત્વમહિમા-ભરપૂર અધ્યાત્મ ટેપપ્રવચન, દેવ-ગુરુ ભક્તિ, યાત્રાની વિડિયો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના પાવન દર્શન, પૂજ્ય બહેનશ્રીની સ્વાનુભવરસભરી, વિડિયો-ધર્મચર્ચા વગેરે અનેકવિધ રોચક ધાર્મિક કાર્યક્રમ સાથે, અત્યંત હર્ષોલ્લાસપૂર્વક ઊજવવામાં આવશે. સમ્યક્ત્વપ્રેમી સર્વે મુમુક્ષુઓને આ સમ્યક્ત્વમહિમાવર્ધક અનુપમ અવસરનો લાભ લેવા માટે આ મહોત્સવના આયોજક લાઠીનિવાસી દાદર(મુંબઈ)વાસી માતુશ્રી ચંચળબેન પ્રેમચંદ પાનાચંદ ભાયાણી-પરિવાર, (હા૦ શ્રીમતી વાસંતીબેન ગુણવંતરાય પ્રેમચંદ ભાયાણી)-પરિવાર તરફથી હાર્દિક અનુરોધ છે.

(નિમંત્રણ પત્રિકાની લેખનવિધિ તા. ૧૩-૩-૨૦૦૫, રવિવારના દિવસે રાખવામાં આવી છે. આ મંગલ અવસર પર પણ મહોત્સવ આયોજક મહોદય તરફથી સર્વે મુમુક્ષુઓને પધારવા હાર્દિક નિમંત્રણ છે.)

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

❀ બહારથી છૂટી અંદરમાં બેઠો ને આ દર્શન-જ્ઞાનં તે આત્મા...આત્મા...એમ ભેદ ઊઠે છે તે પણ રાગની વૃત્તિ આઠ કર્મોથી ઉત્પન્ન થયેલ ભાવ છે, એ આત્મા નથી. આત્મા તો અંતરમાં અભેદદષ્ટિ કરીને આનંદને અનુભવે તે આત્મા છે. ૩૪૨.

❀ હઠવું છે ક્યાં? પુણ્ય-પાપરૂપ હું થઈ ગયો છું એમ એણે માન્યું છે પણ એ હું નહીં, બસ એટલી વાત છે, માન્યતા જ ફેરવવાની છે. તારી દષ્ટિફેરે સંસાર છે અને હું પુણ્ય-પાપરૂપ થયો જ નથી—એવી દષ્ટિ ને અનુભવ કરવો એ જ મુક્તિ છે—એવો અંતરસ્વીકાર કરવો એ જ મુક્તિ કહો કે મુક્તિના પંથ કહો. ૩૪૩.

❀ હું તો જ્ઞાનજ્યોતિસ્વરૂપ છું, જાણવું-દેખવું એ મારું કાર્ય છે. વિકારના પરિણામને અડ્યા વિના સ્પર્શ્યા વિના મારા જ્ઞાનની હયાતીને લીધે હું તેને જાણું છું. કોઈપણ રીતે રાગાદિ એ મારું કાર્ય નથી, એ રીતે બધી તરફથી કર્તાકર્મની પ્રવૃતિ શમાવતી જ્ઞાનજ્યોતિ પ્રગટ થાય છે, સ્ફુરાયમાન થાય છે. કર્તાકર્મમાં અજ્ઞાનીને વિકાર સ્ફુરાયમાન હતા, ચૈતન્ય-જ્યોતિની અંતર્દષ્ટિ થતાં જ્ઞાનજ્યોતિ સ્ફુરાયમાન થાય છે, એ મારું કાર્ય છે. ૩૪૪.

❀ ત્રિકાળી શુદ્ધ જીવ ચૈતન્યપ્રભુ કે જેની પર્યાયમાં વિકાર હોવા છતાં શુદ્ધ જીવ પ્રગટ થાય છે; પોતાનો જે અબંધસ્વભાવ જ્ઞાયકભાવ પ્રમત્ત-અપ્રમત્ત દશાથી રહિત છે તે શુદ્ધ જ્ઞાયકભાવનો સમ્યગ્દર્શનમાં સ્વીકાર કરીને શુદ્ધ જીવ પ્રગટ થાય છે, તે સુખી છે અને જે વિકાર અને તેના ફળ તે હું એમ માને છે તે મિથ્યાદષ્ટિ છે, દુઃખી છે, દુઃખનું ભોજન કરે છે. ૩૪૫.

❀ જીવ જિનવર છે ને જિનવર જીવ છે એવી દષ્ટિ થાય તેને પર્યાયબુદ્ધિ છૂટી જાય છે. સમ્યગ્દર્શન પ્રગટ કરવા માટે કેટલાય ગઢ ઓળંગીને અંદરમાં જવાય છે. વ્યવહારમાં કેટલાય પ્રકારની લાયકાત હોય, સંસારભાવો જરાય રુચે નહિ, આત્મા... આત્મા...ની ધૂન લાગે ત્યારે સમ્યગ્દર્શન થાય છે. ૩૪૬.

❀ ભાઈ! એકવાર બહારની મોહની મીઠાશ છોડી દે. જેમ ગોળનો રવો-ભેલી મીઠાશથી ભરચક છે તેમ ભગવાન્ અમૃતનો રવો-ભેલી છે, ત્યાં એકવાર મતિને લગાવ. મોટા ઘર ને ફર્નિચર ને સગવડતાના સાધનોમાં મતિ એટલી બધી એકાકાર થઈ ગઈ છે કે બાપુ! મરતાં તને તે બધું છોડવું આકરું પડશે. માટે ત્યાંથી મતિ હટાવી લે. ૩૪૭.

## ❋ ભાવી ભવના સુખને અર્થે પ્રયત્ન કર ❋

જીવને દીર્ઘ આયુ, લક્ષ્મી, નિરોગ અને સુંદર શરીર ઇત્યાદિક માત્ર એક પૂર્વોપાર્જિત પુણ્યના ઉદયથી જ પ્રાપ્ત થાય છે. અર્થાત્ જેણે પૂર્વે પુણ્ય ઉપાર્જન કર્યું હોય તેને જ એ સર્વ વિભૂતિ પ્રાપ્ત થાય છે, અન્યથા અનેક પ્રકારે ઉદ્યમ કરવા છતાં અને ખેદખિન્ન થવા છતાં પણ કંઈપણ પ્રાપ્ત થતી નથી. સ્વકાર્યકુશલ ઉત્તમ પુરુષો એમ વિચાર કરીને વર્તમાન આયુમાં એ વિભૂતિ મેળવવા ભણી મંદ ઉદ્યમી થાય છે અને ભાવી ભવના સુખને અર્થે પ્રીતિથી યત્ન કરે છે.

*—શ્રી આત્માનુશાસન, ગાથા-૩૭*

If undelivered please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

Licence No. 21 `Licensed to
Post Without Prepayment'

પ્રકાશક : શ્રી ચીમનલાલ ઠાકરશી મોદી, મંત્રી-ટ્રસ્ટી
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪ ૨૫૦

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી

તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ

માલિક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪ ૨૫૦

મુદ્રક : કહાન મુદ્રણાલય, સોનગઢ

આજીવન સભ્ય ફી : ૧૦૧/–

વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫૦/–

વાર્ષિક લવાજમ : રૂા. ૯/–

વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫/–

[વિદેશ માટે એર-મેઈલથી મંગાવવા માટે
પોસ્ટેજના વાર્ષિક રૂા. ૨૦૪/– અલગ]

Email : C/o vshahco@yahoo.com
Fax : (02846) 244662

Copies : 5250